શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

# શ્રી નવસારી વિભાગ વિશા પોરવાડ જૈન સમાજ, નવસારી

"સાનિધ્યભવન" પ્રેમજી કોમ્પ્લેક્ષ, શાંતાદેવી રોડ, નવસારી - ૩૯૬ ૪૪૫.

તારીખ :- ૧૪-૦૩-૨૦૨૬

માનનીય સભ્યશ્રી,

સહર્ષ જણાવવાનું કે આપણા સમાજની કારોબારી સમિતિ દ્વારા શૈક્ષણિક, ધાર્મિક, સાંસ્કૃતિક વગેરે પ્રવૃત્તિઓ સમાજના ઉદ્દેશ મુજબ ચાલી રહી છે. જેના સંચાલન માટે જરૂરી માહિતીઓ મેળવવા આપશ્રીને નીચે જણાવ્યા મુજબનો પરિપત્ર મોકલીએ છીએ તો તે મુજબ જરૂરી તમામ માહિતીઓ સમયસર આપવા નમ્ર નિવેદન છે.

નવસારી શહેર, કાલીયાવાડી અને મરોલીમાં વસતાં સમાજના સભ્યોશ્રીઓએ તેમની માહિતીઓ શ્રી હેતનકુમાર અમૃતલાલ શાહ, નવસારી (મો.નં.૯૮૨૫૪૯૯૬૨૪) ને આપવી.

અન્ય સભ્યોશ્રીઓએ આપના વિભાગના કારોબારી સભ્યશ્રીને જ સમયસર પહોંચાડવી.

## સંમેલન તારીખ ૨૪-૦૫-૨૦૨૬ - રવિવાર

## સ્થળઃ- શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ સંચાલિત આર.કે. પાનસુરીઆ સાંસ્કૃતિક ભવન, તાશ્કંદ નગર, જલાલપોર રોડ, નવસારી

# " સરક્યુલર "

(૧) સને ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષ ના પરિણામની માર્કશીટ મોકલવા બાબત :-

(૧) ધો. ૧ થી ૧૦ માં પાસ થનાર દરેક વિદ્યાર્થીએ (૨) ધો. ૧૧,૧૨ માં ૫૦ % કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીએ(૩) કાલેજ / ડિપ્લોમાં ૪૫% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીએ (૪) B.E., M.E., M.B.B.S., M.S., M.C.A.વગેરે ઉચ્ચ ડીગ્રીમાં અભ્યાસ કરનાર તમામ વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટ મોકલવી.

(૨) બહુમાન અથવા વિશિષ્ટ સન્માન કરવા બાબત :-

સને ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષમાં જે વિદ્યાર્થીઓએ અનુસ્નાતક ડીગ્રી અથવા વિશિષ્ટ ડીગ્રી મેળવી હોય તો તેમણે સર્ટીફીકેટની ઝેરોક્ષ મોકલવી.

## (૩) વડીલો તથા નિવૃત શિક્ષકોના બહુમાન બાબત :-

(૧) આપના વિભાગનાં ૬૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વડીલોની માહિતી

(૨) આપના વિભાગનાં ૮૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વરિષ્ઠ વડીલોની માહિતી

(૩) આપના વિભાગનાં ૯૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વરિષ્ઠ વડીલોની માહિતી

(૪) આપના વિભાગનાં છેલ્લા વર્ષમાં નિવૃત થયેલ શિક્ષકોની માહિતી

(જેમનું બહુમાન થઇ ગયેલ હોય તેમના નામો મોકલવાના નથી.)

નોંધઃ- આ માહિતી કેન્દ્રનાં પ્રતિનિધિએ સંકલન કરી મોકલવી.

## (૪) શ્રી જૈન શાસન પ્રભાવિત ઉગ્ર તપસ્વી માટે માહિતી મોકલવા બાબત :-

(૧) જુન-૨૦૨૫ થી આજદિન સુધીમાં જેમણે ઉપધાન, વર્ષીતપ, સિધ્ધીતપ, ૯૯ યાત્રા, ધર્મચક્ર તપ, પંચપરમેષ્ટિતપ તથા ૧૫ દિવસથી વધુ દિવસના સળંગ ઉપવાસની તપશ્ર્યા કરી હોય તેમજ ચૌઉવિહાર છઠ્ઠ સહિત શત્રુંજયની સાત યાત્રા કરી હોય તેની માહિતી

(૨) સમાજનાં સભ્યશ્રીનાં ૧૮ વર્ષ સુધીનાં બાળકો દ્વારા સળંગ ૫૦ બિયાસણાં કે ૧૨૦ બિયાસણાં કર્યા હોય તો તેની માહિતી મોકલવી.

## (૫) ધાર્મિક પરીક્ષા પાસ કરનારા માટે માહિતી મોકલવા બાબત :-

સને ૨૦૨૪-૨૫નાં વર્ષમાં ધાર્મિક પરીક્ષા પાસ કરી હોયતો સર્ટીફીકેટ અથવા માર્કશીટની ઝેરોક્ષ આપવા વિનંતી.

## (૬) પરદેશમાં રહેતા સમાજ બંધુઓ માટે :-

આપના બાળકોએ આ વર્ષ દરમ્યાન જો કોઇ વિશિષ્ટ પદવી પ્રાપ્ત કરી હોય અથવા ઉચ્ચ અભ્યાસ કરેલ હોય તો તેની માહિતી શ્રી રમણલાલ ચુનીલાલ શાહ - લંડન, ફોન નં ૦૦૪૪-૭૯૭-૩૨૬-૬૧૬૦ અથવા શ્રી શશીકાંત છોટાલાલ શાહ - નવસારી, ફોન નં +૯૧-૯૪૨-૬૭૭-૯૩૯૩ ને WhatsApp દ્વારા અથવા PDF બનાવી મોકલવી.

નોંધઃ-

(અ) માર્કશીટ / સર્ટીફીકેટ ની ઝેરોક્ષના પાછળના ભાગે વિદ્યાર્થીનું નામ, ધોરણ, શૈક્ષણિક વર્ષ સભ્યશ્રીનું નામ તથા સરનામું લખવું ફરજીયાત છે.

(બ) સરકયુલર મુજબ દરેક માહિતી આપવાની છેલ્લી તારીખ ૩૦-૦૪-૨૦૨૬ છે ત્યાર પછી કોઈપણ માહિતીનો સ્વીકાર થશે નહિં. જેની ખાસ નોંધ લેશો.

ખાસ નોંધઃ- સમાજના કારોબારી સભ્યશ્રીએ ઉપરોકત તમામ માહિતી તા. ૦૨-૦૫-૨૦૨૬ ના દિન સુધીમાં શ્રી હેતનકુમાર અમૃતલાલ શાહને અવશ્ય પહોંચાડવા વિનંતી

(ક) શૈક્ષણિક સમિતિ (૧) શ્રી શશીકાંત છોટાલાલ શાહ (૨) શ્રી જયેશભાઇ મોહનલાલ શાહ
(૩) શ્રી રાજેશકુમાર ચુનીલાલ શાહ (૪) શ્રી શૈલેષકુમાર ફુલચંદ શાહ (૫) હર્ષલકુમાર ઘનશ્યામભાઈ શાહ

(૭) નોટબુક વિતરણ તા.૧૮-૦૫-૨૦૨૬ થી તા.૨૨-૦૫-૨૦૨૬ સમય સવારે ૧૦ થી ૧૨ અને બપારે ૩ થી ૫ દરમ્યાન સાનિધ્ય ભવન, પ્રેમજી કોમ્પલેક્ષ, નવસારી ખાતેથી કરવામાં આવશે જેની દરેક સભ્ય એ નોંધ લઇ લાભ લેવા વિનંતી છે.

(૮) સમાજ દ્વારા આયોજીત રકતદાન કેમ્પ બાબત :-

સમાજ દ્વારા સ્નેહ સંમેલન દરમ્યાન રકતદાન કેમ્પનું આયોજન કરેલ છે, જેના સૌજન્ય દાતા
શ્રી નિશાબેન અરવિંદકુમાર શાહ - હા. પૃષ્પાબેન અરવિંદકુમાર શાહ, નવસારી

(૯) સમાજનાં સભ્યશ્રીઓનાં પરિવારમાંથી કોઈપણ વ્યકિતએ આજદિન સુધીમાં ૫૦ કે તેથી વધુ વખત રકતદાન કર્યુ હોય તો તે અંગેની જાણ શ્રી હેતનકુમાર અમૃતલાલ શાહ, નવસારી ને તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધીમાં કરવી. (નોંધઃ- જેમનું બહુમાન અગાઉના સંમેલનમાં થયેલ હોય તેમણે નામ મોકલવાના નથી.)

(૧૦) સમાજનાં સભ્યશ્રીઓનાં પરિવારમાંથી કોઈપણ વ્યકિત જો વિહારગૃપ માં સેવા આપી રહયું હોય તો તે અંગેની જાણ શ્રી હેતનકુમાર અમૃતલાલ શાહ, નવસારી ને તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધીમાં કરવી.
(નોંધઃ- જેમનું બહુમાન અગાઉના સંમેલનમાં થયેલ હોય તેમણે નામ મોકલવાના નથી.)

(૧૧) સાંસ્કૃતિક પ્રોગ્રામ :-

સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ધાર્મિક, ટ્રેડીશનલ તથા ફિલ્મી ડાન્સ (રીમીકસ ડાન્સ સિવાયની), નાટય કૃતિઓ વહેલા તે પહેલાનાં ધોરણે સ્વીકારવામાં આવશે. જેના નામો (૧) શ્રી હેતનકુમાર અમૃતલાલ શાહ, નવસારી (મો.નં.૯૮૨૫૪૯૯૬૨૪), (૨) શ્રી નીતીનકુમાર રમેશચંદ્ર શાહ, નવસારી (મો.નં.૯૮૨૪૧૫૭૨૯૯), (૩) શ્રીમતી મેઘાબેન મનીષભાઇ શાહ, નવસારી (મો.નં. ૯૯૦૪૦ ૯૪૭૮૫) ને તા.૧૦-૦૫-૨૦૨૬ સુધીમાં મોકલવા.

નોંધ :- (૧) ૭ વર્ષથી ઉપરના બાળકો જ ભાગ લઇ શકશે.

(૨) એક કૃતિમાં વધુમાં વધુ ૮ વ્યકિત અને ગરબામાં વધુમાં વધુ ૧૨ વ્યકિત જ ભાગ લઇ શકશે.

(૧૨) ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન બાબત :-

સમાજના સભ્યશ્રીના બાળકોને ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોનની જરૂરિયાત હોય તો તેની લેખિત અરજી સમાજના મંત્રીશ્રીને આપવા વિનંતી છે.

(૧૩) સમાજના સભ્યશ્રીના અપરણિત દીકરા/દીકરી/બહેન ની વિગત આપવા બાબત :-

સમાજના સભ્યશ્રીના અપરણિત દીકરા/દીકરી/બહેન ની વિગત સત્તાવીશ પરગણાં દ્વારા બનાવેલ જીવનસાથી ગ્રુપમાં આપવા ઈચ્છતા હોય તો તેના Bio-data સમાજના મંત્રીશ્રીને WhatsApp પર મોલકવા વિનંતી છે.

(૧૪) ગત સંમેલન થી ચાલુ વર્ષ દરમ્યાન સમાજનાં કોઇ પરિવારની બહેન-દિકરી અન્ય સમાજમાં પરિણીત થયેલ હોય તેની વિગત સમાજનાં સેક્રેટરી શ્રી અનિલકુમાર મણીલાલ શાહને મોકલવા વિનંતી.

(૧૫) "ડિજીટલ ડાયરી" માં

(૧) કોઇ સમાજબંધુની વિગત આપવાની બાકી હોય તો, મેનુ ઓપ્શનમાંથી ડાઉનલોડ - ડીરેકટરી ફોર્મ-૧, ૨ ની પ્રીન્ટ કઢાવી તેમાં વિગત ભરીને આપવી.

(૨) કોઇ સમાજબંધુની વિગત અપડેટ કરાવવાની હોય તો મેનુ ઓપ્શનમાંથી "Update Request" માં માહિતી અપડેટ કરવી.

(૧૬) સમાજબંધુઓને નમ્ર વિનંતી કે સમાજની માહિતી માટે કે સમાજના સભ્યશ્રીની કોઇ પણ માહિતી માટે અદ્યતન ડીજીટલ ડીરેકટરીનો ઉપયોગ કરવા વિનંતી છે.

---

લિ.

**નવસારી વિભાગ વિશા પોરવાડ જૈન કેળવણી મંડળ**
ઠાકોરલાલ નાથાલાલ શાહ
પ્રમુખ
હેતનકુમાર અમૃતલાલ શાહ
મંત્રી

**શ્રી નવસારી વિભાગ વિશા પોરવાડ જૈન સમાજ**
નિતીનકુમાર મોહનલાલ શાહ
પ્રમુખ
અનિલકુમાર મણીલાલ શાહ
મંત્રી